# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-12-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# INDIA NETHERLANDS MoU

ભારત અને નેદરલેન્ડ્સે અમદાવાદના લોથલમાં રાષ્ટ્રીય સમુદ્રી વિરાસત સંકુલ – NMHC પર સહકાર માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું, કરારનો ઉદ્દેશ દરિયાઈ વારસા, સંગ્રહાલય ડિઝાઈન અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં વૈશ્વિક સહકારને પ્રોત્સાહન આપવાનો છે.

આ કરાર હેઠળ બંને પક્ષ દરિયાઈ સંગ્રહાલય ડિઝાઈન, ઉપચાર અને સંરક્ષણમાં જ્ઞાન, કુશળતા અને શ્રેષ્ઠ પ્રથાનું આદાનપ્રદાન કરવા સહયોગ કરશે. આ ભાગીદારી સંયુક્ત પ્રદર્શન, સંશોધન પરિયોજનાઓ અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમને પણ પ્રોત્સાહન આપશે તેમજ મુલાકાતીઓના અનુભવ, શિક્ષણ અને જાહેર સંપર્કને સુધારવા નવી રીત શોધશે.

. . . . . . . . . . . . .

# G RAM G BYTE

સંસદમાં વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા ગેરન્ટી મિશન – ગ્રામીણઃ વિકસિત ભારત ગ્રામીણ વિકાસ ખરડો – જી-રામ-જી 2025 પસાર કરાયો છે. આ યોજના હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાશે. પાટણના સ્થાનિક ગોવિંદ પટેલે આ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE – GOVIND PATEL, STHANIK)

. . . . . . . . . . . . .

# TET 1 EXAM

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક યોગ્યતા કસોટી – T.E.T. – 1 પરીક્ષા લેવાઈ. ધોરણ એકથી પાંચ માટે પ્રાથમિક શિક્ષક અને વિદ્યાસહાયક પદ માટેની આ પરીક્ષા અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં યોજાઈ. બપોરે 12થી 2 વાગ્યા સુધી રાજ્યના 511 કેન્દ્ર પર એક લાખ એક હજાર 518 જેટલા ઉમેદવારે આ પરીક્ષા આપી હતી.

. . . . . . . . . . . . .

# DAMAN DIU POLIO

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દીવ, દાદરા અને નગરહવેલીમાં રાષ્ટ્રીય રોગપ્રતિરક્ષા દિવસ અંતર્ગત પલ્સ પોલિયો રવિવારનું આયોજન કરાયું. દરમિયાન દમણની કચ્છીગ્રામ સરકારી હોસ્પિટલમાં પાંચ વર્ષ સુધીની બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા.

અભિયાનને સફળ બનાવવા 300 ટુકડી અને અંદાજે એક હજાર 300 આરોગ્યકર્મીઓ સતત ત્રણ દિવસ સુધી કાર્યરત્ રહેશે તેમ સ્ટેટ ચાઈલ્ડ એન્ડ ઇમ્યુનાઈઝેશન અધિકારી ડોક્ટર પ્રમોદ કોકારે જણાવ્યું.

(BYTE: DR. PRAMOD KOKARE, NHM)

. . . . . . . . . . . . . .

# ARVALLI VEHICLE ALLOCATION

રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી જિલ્લા માટે ઘરેઘરે જઈ કચરો એકત્રિત કરવા પાંચ વાહન ફાળવાયા છે. હાલ મોડાસા ડમ્પિંગ સાઈટથી આ તમામ વાહન અને એક યંત્રને કાર્યરત્ કરાયું છે. આગામી દિવસોમાં અન્ય પાંચ વાહન પણ ફાળવાશે તેમ મોડાસા નગરપાલિકાના પ્રમુખ નીરજ શેઠે જણાવ્યું.

(BYTE: NIRAJ SHETH, PRAMUKH, MODASA NAGARPALIKA)

. . . . . . . . . . . . . .

# REV BHAVNAGAR NAMO DRONE DIDI

ભાવનગરમાં નાના પાણીયાળી ગામનાં “નમો ડ્રોન દીદી યોજના”થી મીરાંબેન રાઠોડ આત્મનિર્ભર બન્યાં છે. પાલિતાણા તાલુકામાં આવેલા ગામનાં વતની સુશ્રી રાઠોડે કહ્યું, તેઓ હાલ ખેતરમાં ડ્રોનથી દવાનો છંટકાવ કરીને દર વર્ષે દોઢથી બે લાખ રૂપિયાની કમાણી કરી રહ્યાં છે. આ યોજના મહિલાઓને આત્મનિર્ભર બનાવવાની સાથે વિકસિત ભારતની

સંકલ્પનાને ખરા અર્થમાં સાર્થક કરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

. . . . . . . . . . . . .

# SABARKANTHA GRAM SABAHA

સાબરકાંઠાના કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં પ્રાંતિજના ઉંછા ખાતે રાત્રિ ગ્રામસભા યોજાઈ. તેમાં ગ્રામજનોએ ગામના માર્ગ, ગટર લાઈન, પાણીના નિકાલ વગેરે પ્રશ્ન રજૂ કર્યા હતા. આ પ્રસંગે કલેક્ટરે પ્રશ્નોનો નિકાલ કરવા ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

. . . . . . . . . . . . .